POST - REGD. No. GBK-241/2021-2023 RNI. No. 68504-98

માધ્યમિક શિક્ષકોની સમસ્યાઓને વાચા આપતું મહિનાની ૧૫મી તારીખે પ્રગટ થતું માસિક

બનાસકાંઠા જિલ્લા માધ્યમિક શિક્ષક સંઘનું મુખપત્ર

નામ ____________

સરનામુ ____________

____________


# બનાસગંગા શિક્ષણ

**પ્રકાશક : શ્રી હરેશભાઈ જી. ડાભી**
સરદાર પટેલ હાઈસ્કૂલ, ડીસા, જિ. બનાસકાંઠા
મો : ૯૪૨૬૪૪૪૫૬૮, ૮૧૬૦૮૨૮૫૮૨
Email:hgdabhi_2011@rediffmail.com

**તંત્રી અને મુદ્રક : શ્રી ગિરીશભાઈ એસ. રાવલ**
નવનિર્માણ વિદ્યાલય, વગદા
તા. પાલનપુર, જિ. બનાસકાંઠા મો : ૬૩૫૧૫૯૩૯૪૧
મો : ૯૪૨૭૦૪૩૬૧૬ Email:girishkumarraval8900@gmail.com

**સહતંત્રી : શ્રી ગિરીશભાઈ પી. વણસોલા** શાહ કે. એચ. હાઈસ્કૂલ, પીલુચા, તા. વડગામ બ.કાં. મો : ૯૪૨૯૭૧૬૫૧૬

**વર્ષ-૨૦ ● અંક : ૧૨ ● જુલાઈ-૨૦૨૧ ● વાર્ષિક લવાજમ : રૂા. ૩૦/- ● પાનાં - ૪ છૂટક કિંમત ૩-૫૦ રૂા.**





## પ્રમુખ - મહામંત્રી સ્થાનેથી...

પ્રિય શિક્ષક ભાઈઓ તથા બહેનો,

નમસ્કાર મિત્રો,

મિત્રો, અષાઢી બીજની સૌને શુભેચ્છાઓ તથા ભગવાન જગન્નાથ સૌનું કલ્યાણ કરે... કોરોનાની ત્રીજી લહેર આવવાની બાકી છે એવું નિષ્ણાતો માની રહ્યા છે. બીજી બાજું તબક્કાવાર શાળાઓ શરૂ કરવાની શરૂઆત થઈ ચૂકી છે. આવા સંજોગોમાં દરેક મિત્રોએ સાવચેતી પૂર્વક પોતાના ભાગે આવતું કાર્ય નિષ્ઠાપૂર્વક કરવાનું છે.

મિત્રો આ વખતે સરકારશ્રીએ ધો. ૧૦ અને ૧૨ના નિયમિત વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપ્યું જેનું પરિણામ બનાવવા માટે શાળા અને શિક્ષકોએ સારી એવી જહેમત કરવી પડી છે. મિત્રો એક બાજુ નિયમિત વિદ્યાર્થીઓને માસ પ્રમોશન અને બીજી બાજુ ખાનગી વિદ્યાર્થીઓને પરીક્ષા!! આ કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરૂધ્ધ હોય તેવું લાગી રહ્યું છે, એક જ વર્ષમાં બન્ને અલગ અલગ ગ્રેસીંગ!! મિત્રો, ફરીવાર આપ સૌને યાદ અપાવું છું કે આપણા હકની લડાઈ આપણા માન્ય મહામંડળના સંઘો જ લડી રહ્યા છે અને આપણે જે કંઈ લાભો અત્યાર સુધી મળ્યા છે અને ભવિષ્યમાં મેળવીશું એ મહામંડળના પ્રયત્નોના કારણે જ છે અને હશે. આપણા વર્તમાન અને ભવિષ્યમાં ઉપસ્થિત થનારા પ્રશ્નો માટે પણ આ જ સંઘો રજૂઆતો કે લડત આપવાના છે. એટલે આગામી બોર્ડની ચૂંટણીમાં આપણા માન્ય ઉમેદવારોને ચૂંટીને બોર્ડમાં મોકલીએ તે આપણા સૌના હિત માટે ઉચિત છે, જો જો ભૂલથી પણ **''પગ પર કુહાડી''** ના મારતા મિત્રો, આપણા પડતર પ્રશ્નો માટે ટુંક સમયમાં જ સંયુક્ત મહામંડળ વિવિધ પ્રકારના કાર્યક્રમો આપવા જઈ રહ્યું છે. જયાં સુધી આપણા જિલ્લાને લાગે વળગે છે ત્યાં સુધી લગભગ તમામ પ્રશ્નોનો નિરાકરણ સરળતાથી થઈ જાય છે ભૂતકાળમાં કરેલા સંઘર્ષો અને તેનું પરિણામ આજે આપણે મેળવી રહ્યા છીએ.

મિત્રો, આપણા જિલ્લામાં ફરી એકવાર આપણું શૈક્ષણિક સંઘ સંકલન (સંચાલક મંડળ, આચાર્ય સંઘ, ઉચ્ચતર શિ.સંઘ, માધ્યમિક શિક્ષક સંઘ, વહિવટી કર્મચારી સંઘ, વ્યાયામ સંઘ અને ચિત્રકલા સંઘ) સક્રિય બની રહ્યું છે એ ખૂબ સરાહનીય બાબત છે. એક થઈ સારું કાર્ય કરશે જ એવી અપેક્ષા પણ છે. માટે નવનિયુક્ત આચાર્ય સંઘના પ્રમુખશ્રી અને એમની ટીમને સંકલનના અન્ય સંઘો વતી અભિનંદન પાઠવીએ છીએ.

મિત્રો, ચાર ચાર વર્ષ થવા છતાં ગુજરાત સરકારે આપણા મુખ્ય પ્રશ્નો (૧) પાંચ વર્ષ ફીક્સ પગારની નોકરી તમામ હેતુ માટે સળંગ ગણવી. (૨) ૭માં પગાર પંચના એરિયર્સના બાકીના ૪ હપ્તાની ચૂકવણી (૩) ફાજલના રક્ષણના પરિપત્રમાં મુદ્દા ૯માં રહેલી વિસંગતતા દૂર કરવી હજુ સુધી ઉકેલ્યાં નથી. અને જયારે પણ રજૂઆત કરવામાં આવે છે, ત્યારે તેઓ હકારાત્મક જવાબ આપે છે. પરંતુ પ્રશ્નો હજુ વણ ઉકેલ્યા છે. અને શિક્ષક આલમમાં નિરાશા જોવા મળે છે. **તેના અનુસંધાને આપણા જિલ્લાના યુવાન અને ભૂ.પૂ.શિક્ષણ સહાયક મિત્રોએ પોતાની જવાબદારી સ્વિકારી રાજીનામાં મૂકયા હતા પરંતુ તેમને તા. ૬-૭-૨૦૨૧મંગળવારના રોજ ગાંધીનગર ખાતે શિક્ષણમંત્રી મા.શ્રી ભૂપેન્દ્રસિંહજી ચુડાસમા સાથે મુલાકાત કરી અને મહામંડળના કરેલા પ્રયત્નોથી વાકેફ કર્યા અને મા.શિક્ષણ મંત્રીએ આપણા પ્રશ્નો ટુંક સમયમાં ઉકેલવામાં આવશે તેવી હૈયાધારણા આપી છે. અને તે સાતેય હોદેદારશ્રીઓને રાજીનામાં પાછા ખેંચવા સમજાવી લેવામાં આવ્યા છે.** તા. ૧૧-૭-૨૦૨૧ના રવિવારના રોજ માણેકબા કૃષિ વિદ્યાલય અડાલજ ખાતે ગુ.રા.મા.શિ.સંઘની કારોબારી સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. અને જો સરકાર આપણા પ્રશ્નો ન ઉકેલે તો તા. ૨૦-૭-૨૦૨૧ થી ગુજરાત રાજ્ય શૈક્ષણિક સંઘ સંકલન સમિતિના નેજા હેઠળ આપણે ગાંધી ચિધ્યા માર્ગે આંદોલન કરવું તેવું સર્વાનુમતે નક્કી કરવામાં આવ્યું મિત્રો હવે આપણે સૌ આળસ ખંખેરી એક થઈ આપણા પ્રશ્નો માટે લડત કરવા માટે તૈયાર થઈ જઈએ.

ગુ.મા. તથા ઉ.મા. શિક્ષણ બોર્ડની ચૂંટણી લગભગ ઓગસ્ટ સપ્ટેમ્બરમાં યોજાનાર છે તો મિત્રો આપણે સૌ સંગઠિત થઈ ગુ.મા.શિ.સંઘ મહામંડળના માન્ય ઉમેદવારોને જંગી બહુમતીથી જીતાડી વિજયી બનાવશો તેવી બ.કાં.મા.શિ.સંઘની નમ્ર અપીલ છે.

**હરેશભાઈ ડાભી**
પ્રમુખ, બ.કાં.જિ.મા.શિ.સંઘ

**ગિરીશ રાવલ**
મહામંત્રી, બ.કાં.જિ.મા.શિ.સંઘ

## કારોબારી સભા

બનાસકાંઠા જિલ્લા માધ્યમિક શિક્ષક સંઘની કારોબારી સભા **તા. ૨૧-૭-૨૦૨૧ બુધવાર**ના રોજ બપોરે ૧-૦૦ કલાકે સાંદિપની આશ્રમ (શિક્ષકભવન) દ્રોણ બિલ્ડીંગ પાસે, પાલનપુર ખાતે નીચેના એજન્ડા માટે મળનાર છે તો દરેક કારોબારી સભ્યો, રાજ્ય પ્રતિનિધિ સભ્યો તથા બનાસગંગા સંપાદક મંડળના સભ્યોએ અવશ્ય હાજર રહેવું

### ● એજન્ડા ●

(૧) શોક પ્રસ્તાવ

(૨) ગત કારોબારીનું વાંચન તથા બહાલી.

(૩) વર્ષ ૨૦૨૦-૨૧ના વર્ષના હિસાબો.

(૪) વર્ષ ૨૦૨૧-૨૦૨૩ (બે વર્ષ માટે) બ.કાં.જિ. મા.શિ. સંઘની ચૂંટણી અંગે.

(૫) સંઘના બચત ખાતામાં રહેલા નાણા બ.કાં.જિ. અનુ.મા.કર્મ. મંડળીમાં થાપણ તરીકે મુકવા અંગે

(૬) પ્રમુખ સ્થાનેથી રજુ થાય તે.

**નોંધ :** કોવિડ-૧૯ની ગાઈડલાઈનનું ચૂસ્તપણે પાલન કરવું.

ક્રમશ : બમશ/૧૧૨૦૨૦/૪૭૮/ગ
શિક્ષણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર
તા. ૧૪-૬-૨૦૨૧

પ્રતિ,
નિયામકશ્રી શાળાઓ,
નિયામકશ્રી શાળાઓની કચેરી,
બ્લોક નં. ૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાધીનગર.

**વિષય** :બિન સરકારી અનુદાનિત માધ્યમીક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિન શૈક્ષણીક કર્મચારીઓ માટે પગાર ચકાસણીની કામગીરી ચાલુ કરવા બાબત

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષયના આપની કચેરીના તા. ૧૧-૯-૨૦ના પત્રક્રમાંક: ઉમશ/ઉમા-૨/૨૦૨૦-૪૬૫૩થી અત્રે રજૂ કરવામાં આવેલ દરખાસ્તના સંદર્ભમાં જણાવવાનું કે બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક કર્મચારીઓ, નિવૃત્ત કર્મચારીઓ, બિન શૈક્ષણિક કર્મચારીઓ તેમજ એકાકી-સંવર્ગ ગ્રંથપાલ મુજબના કર્મચારીઓના કિસ્સામાં નાણાં વિભાગ દ્વારા આપવામાં આવેલ નીચે મુજબની સૂચના અન્વયે પગાર ચકાસણીની તથા ઉચ્ચતર પગાર ધોરણની કામગીરી ચાલુ કરવા સંબંધિતોને સૂચના આપવા અંગે જરૂરી કાર્યવાહી કરવા વિનંતી છે.

(૧) બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક કર્મચારીઓ માટે હિન્દી પરીક્ષા અને કોમ્પ્યુટર કૌશલ્ય તાલીમ પરીક્ષા (C.C.C.) પાસ કરવાની જોગવાઈ આ વિભાગના તા. ૧-૯-૨૦ના ઠરાવ ક્રમાંક:મશબ/૧૨૧૯/૯૧૪/છ થી કરવામાં આવેલ હોઈ, પગાર ચકાસણીની કામગીરી ચાલુ કરવા આથી મંજૂરી આપવામાં આવે છે. વધુમાં હિન્દી પરીક્ષા અને કોમ્પ્યુટર કૌશલ્ય તાલીમ પરીક્ષા (સી.સી.સી.) પરીક્ષા માટે સામાન્ય વહીવટ વિભાગની વખતો વખતની સૂચનાઓ ધ્યાને લઈ કાર્યવાહી કરવાની રહેશે.

(૨) બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના બિન શૈક્ષણિક કર્મચારીઓ કે જેઓ તા. ૧-૯-૨૦ના ઠરાવ ક્રમાંક:મશબ/ ૧૨૧૯/૯૧૪/છ ની તારીખ પહેલા નિવૃત્ત થયેલ છે. તેઓના કેસમાં ખાતાકીય પરીક્ષા જ ઉક્ત તા. ૧-૯-૨૦૨૦ના ઠરાવથી દાખલ થયેલ હોઈ, તે અગાઉ નિવૃત્ત થયેલ કર્મચારીઓના કેસમાં ખાતાકીય પરીક્ષા પાસ કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. જેથી પગાર ચકાસણીની કામગીરી ચાલુ કરવા મંજૂરી આપવામાં આવે છે. વધુમાં હિન્દી પરીક્ષા અને કોમ્પ્યુટર કૌશલ્ય તાલીમ પરીક્ષા (સી.સી.સી.) પરીક્ષા માટે સામાન્ય વહીવટ વિભાગની વખતોવખતની સૂચનાઓ ધ્યાને લઈ કાર્યવાહી કરવાની રહેશે.

(૩) બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના ગ્રંથપાલ એકાંકી સંવર્ગ હોવાથી તેઓને બઢતી મળવાપાત્ર થતી નથી તેઓના કેસમાં જો ખાતાકીય પરીક્ષા જ નિયત થયેલ ન હોય તો પરીક્ષામાંથી મુક્તિ આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી વધુમાં, ગ્રંથપાલ એકાકી સંવર્ગ હોઈ, અનુસૂચિ મુજબ જ ઉચ્ચતર પગાર ધોરણ મળવાપાત્ર થશે. તેમજ હિન્દી પરીક્ષા અને કોમ્પ્યુટર કૌશલ્ય તાલીમ પરીક્ષા (સી.સી.સી.) પરીક્ષા માટે સામાન્ય વહીવટ વિભાગની વખતો વખતની સૂચનાઓ ધ્યાને લઈ કાર્યવાહી કરવાની રહેશે.

(૪) બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના બિન શૈક્ષણિક કર્મચારીઓને તુરત જ યોજનાર ક્રમિક ખાતાકીય પરીક્ષામાં અનિવાર્યપણે ઉપસ્થિત થઈને નિયત સમયમાં ખાતાકીય પરીક્ષા પાસ કરવાની શરતે પાત્રતાની તારીખથી ઉચ્ચતર પગાર ધોરણ મંજૂર કરવાની માંગણી બાબતે નાણા વિભાગે જણાવેલ છે કે, પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ કોઈ પણ કેસમાં શરતી મંજૂર થઈ શકશે નહિ જયારે બીજુ ઉચ્ચતર પગાર ધોરણ નાણા વિભાગના તા. ૧૨-૮-૨૦૦૯ના ઠરાવ ક્રમાંક પગર-૧૦૦૯-૮૦-મ ની જોગવાઈ ધ્યાને લઈ શરતી મંજુર કરી શકાશે વધુમાં હિન્દી પરીક્ષા અને કોમ્પ્યુટર કૌશલ્ય તાલીમ પરીક્ષા (સી.સી.સી.) પરીક્ષા માટે સામાન્ય વહીવટ વિભાગની વખતો વખતની સૂચનાઓ ધ્યાને લઈ કાર્યવાહી કરવાની રહેશે.

ઉક્ત કર્મચારીઓ માટે તાત્કાલિક ખાતાકીય પરીક્ષાનું આયોજન કરવા અંગેની જરૂરી કાર્યવાહી કરવા પણ આથી સૂચિત કરવામાં આવે છે, જેથી ભવિષ્યમાં અન્ય પ્રશ્નો ઉપસ્થિત ન થાય. **જે. એચ. હેડંબા**

ઉપસચિવ, શિક્ષણ વિભાગ

---

ક્રમાંક:ઘ/માધ્ય/અનદ-૧/૨૦૨૧/૧૦૨૦૪

કમિશ્નર શાળાઓની કચેરી,
બ્લોક નં. ૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર તા. ૩૦-૬-૨૦૨૧

પ્રતિ,
સંયુક્ત સચિવશ્રી,
શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

વિષય : ધો.-૯ અને ૧૦ એક એક વર્ગ ધરાવતી બિન સરકારી અનુદાનિત માધ્યમિક શાળાઓમાં ૩ શિક્ષક અને આચાર્ય સહિત કુલ-૪નું શૈક્ષણિક મહેકમ મંજૂર કરવા બાબત.

સંદર્ભ : (૧) આ કચેરીના પત્ર ક્રમાંક:અનદ-૧/ઘ/માધ્ય/૨૦૧૭/૧૧૩૮૦ તા. ૧૩-૭-૨૦૧૭
(૨) શિક્ષણ વિભાગના પત્ર ક્રમાંક બમશ/૧૧૧૯/૮૫૮/ગ. તા. ૫-૧૦-૨૦૧૯
(૩) આ કચેરીના પત્ર ક્રમાંક:અનદ-૧/ઘ/માધ્ય/૨૦૧૯/૨૯૦૮૩ તા. ૧૭-૧૦-૨૦૨૦
(૪) આ કચેરીના પત્ર ક્રમાંક:અનદ-૧/ઘ/માધ્ય/૨૦૨૦/૨૩૪ તા. ૩૧-૧-૨૦૨૦
(૫) શિક્ષણ વિભાગના પત્ર ક્રમાંક બમશ/૧૧૧૯/૮૫૮/ગ. તા. ૯-૩-૨૦૨૦
(૬) આ કચેરીના પત્ર ક્રમાંક:અનદ-૧/ઘ/માધ્ય/૨૦૨૦/૬૭૩૨ તા. ૧૧-૩-૨૦૨૦
(૭) આ કચેરીના પત્ર ક્રમાંક:અનદ-૧/ઘ/માધ્ય/૨૦૨૦/૭૯૨૪ તા. ૧૯-૩-૨૦૨૦
(૮) આ કચેરીના પત્ર ક્રમાંક:અનદ-૧/ઘ/માધ્ય/૨૦૨૦/૯૬૪૬ તા. ૨૭-૫-૨૦૨૦
(૯) ગુજરાત રાજ્ય આચાર્ય સંઘની તા. ૨૯-૬-૨૧ની રજુઆત

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે રાજ્યની સરકારી અને બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ કે જે ધોરણ ૯ અને ૧૦ના એક એક વર્ગ ધરાવતી શાળાઓમાં ૧+૨ (આચાર્ય સહિત)નું મહેકમ મંજુર છે.

બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિવિધ સંઘો દ્વારા ધો.૯ અને ૧૦ના એક વર્ગ ધરાવતી શાળાઓમાં ૧+૩ (આચાર્ય સહિત) મહેકમ મંજુર કરવા રજુઆત કરતાં આ કચેરીના સંદર્ભ-૧ થી દરખાસ્ત કરવામાં આવેલ.

ત્યારબાદ માન.શિક્ષણ સચિવ સાથે થયેલ ચર્ચા અનુસાર ધો.૯ અને ૧૦ના પ્રત્યેક વર્ગમાં વિદ્યાર્થી સંખ્યા ૫૦ કે તેથી વધુ હોય અને સરાસરી હાજરી ૮૦% થી વધુ જળવાતી હોય તેવી શાળાઓની વિગતો આ કચેરીના સંદર્ભ-૮ થી શિક્ષણ વિભાગને રજુ કરવામાં આવેલ છે.

ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ દ્વારા સંદર્ભ-૯ના પત્રથી નીચે મુજબ રજુઆત કરેલ છે.

ગુજરાતમાં એક એક વર્ગ એટલે કે ધો. ૯ અને ૧૦ ના એક એક વર્ગ ધરાવતી શાળાઓમાં ૧ આચાર્ય +૦૨ મદદનીશ શિક્ષકનું મહેકમ છે તેની જગ્યા પર વિષયને ન્યાય મળે એટલે અને ગ્રામ્ય વિસ્તારની શાળાઓમાં ગરીબ બાળકો શિક્ષણથી વંચિત ન રહે તે માટે ૧+૩નું મહેકમ મંજુર કરવા ચર્ચા થયેલ છે. તેમાં પ્રત્યેક વર્ગદીઠ ૫૦ બાળકોની સંખ્યા હતી તેને બદલે બંને વર્ગની કુલ વિદ્યાર્થી સંખ્યા ગ્રામ્ય વિસ્તારમાં ૫૦ અને શહેરી વિસ્તારમાં ૭૫ વિદ્યાર્થી સંખ્યા ધરાવતી હોય તેવી શાળાઓમાં ૧ (આચાર્ય)+૩(મદદનીશ શિક્ષક) મળી કુલ ૪ નું મહેકમ મંજુર કરવા રજુઆત કરેલ છે.

શિક્ષણ વિભાગના તા. ૮-૩-૧૧ ઠરાવ ક્રમાંક:ઉમશ-૧૧૦૬-૩૧૩૮-ગ.૧ થી ગ્રામ્ય વિસ્તારમાં લઘુત્તમ ૨૪ વિદ્યાર્થીઓ અને શહેરી વિસ્તાર માટે ૩૬ વિદ્યાર્થી સંખ્યા જળવાતી હોય તે વર્ગ ચાલુ રાખવાની જોગવાઈ થયેલ છે અને આ નિયત થયેલ વિદ્યાર્થી સંખ્યા જળવાઈ રહેતી હોય તો વર્ગ ચાલુ રહે છે. તે ધ્યાને લઈ માત્ર ધોરણ ૯ અને ૧૦નો એક એક વર્ગ ધરાવતી શાળાઓ કે જેમાં બંને વર્ગના કુલ વિદ્યાર્થીની સંખ્યા ગ્રામ્ય વિસ્તારમાં ૫૦ અને શહેરી વિસ્તારમાં ૭૫ વિદ્યાર્થી સંખ્યા હોય ત્યાં ૧ (આચાર્ય)+૩ (મદદનીશ શિક્ષક) મળી કુલ ૪ નું મહેકમ મંજુર કરવામાં આવે તો વિદ્યાર્થીઓને તમામ મુખ્ય વિષયના વિષય શિક્ષકો મળી રહે અને શૈક્ષણિક કાર્ય સુચારૂ રીતે હાથ ધરી શકાય તેવો સદર કચેરીનો અભિપ્રાય થાય છે.

ધો.૯ અને ૧૦ના એક એક વર્ગ ધરાવતી હોય તેવી અને બંને વર્ગની કુલ વિદ્યાર્થી સંખ્યા ગ્રામ્ય વિસ્તારમાં ૫૦ અને શહેરી વિસ્તારમાં ૭૫ વિદ્યાર્થી સંખ્યા ધરાવતી હોય તેવી અંદાજિત ૧૫૧૨ બિનસરકારી અનુદાનિત માધ્યમિક શાળાઓમાં અંદાજીત કુલ ૧૫૧૨ શાળાઓમાં નવા ૧૫૧૨ શિક્ષકોની જરૂરિયાત ઉભી થાય અને તેનો અંદાજિત ખર્ચ રૂપિયા ૫૬ કરોડ (છપ્પન કરોડ) થાય તેમ છે.

ઉપરોક્ત વિગતે ધોરણ ૯ અને ૧૦ ના એક એક વર્ગ ધરાવતી અને બંને વર્ગની કુલ વિદ્યાર્થી સંખ્યા ગ્રામ્ય વિસ્તારમાં ૫૦ અને શહેરી વિસ્તારમાં ૭૫ વિદ્યાર્થી સંખ્યા ધરાવતી હોય તેવી શાળાઓમાં ૧ (આચાર્ય)+૩ મદદનીશ શિક્ષક મળી કુલ ૪નું મહેકમ મંજુર કરવા સરકારશ્રીના યોગ્ય આદેશ મેળવી આપવા વિનંતી.

**એચ.એન. ચાવડા**
સંયુક્ત શિક્ષણ નિયામક
માધ્યમિક ગુ.રા.ગાંધીનગર

ક્રમાંક:ઘ/માધ્ય/અનદ-૧ ૨૦૨૧/૧૦૨૫૮-૫૯

કમિશ્નર શાળાઓની કચેરી,
બ્લોક નં. ૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર
તા. ૩૦-૬-૨૦૨૧

પ્રતિ,
સચિવશ્રી,
રાજ્ય પરીક્ષા બોર્ડ,
સેક્ટર-૨૧, ગાંધીનગર

**વિષય** :સ્વનિર્ભર (નોનગ્રાન્ટેડ) માધ્યમિક શાળાઓમાં સ્ટાફ પ્રોફાઈલ ધરાવતા શિક્ષકોનો આગામી આચાર્ય ભરતીમાં શિક્ષકોનો અનુભવ ગણવા બાબત.


**સંદર્ભ** : સ્વનિર્ભર (નોનગ્રાન્ટેડ) માધ્યમિક શાળાઓના સ્ટાફ પ્રોફાઈલ ધરાવતા શિક્ષકોની રજુઆત

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે રાજ્ય પરીક્ષા બોર્ડ ગાંધીનગર દ્વારા આચાર્ય અભિરૂચિ કસોટી (HMAT)૨૦૨૧ના જાહેરનામા સંદર્ભે કેટલાક ઉમેદવારોએ શિક્ષણ વિભાગના તા.૨૪-૧૦-૧૭ ના ઠરાવ ક્રમાંક:ઉમશ/૧૧૧૫/૧૩૩/ગ.૧ (પાર્ટ ફાઈલ)થી નોનગ્રાન્ટેડ ઉચ્ચતર માધ્યમિક શાળાના સ્ટાફ પ્રોફાઈલ અને ઉચ્ચતર માધ્યમિક (TAT) પરીક્ષા પાસ કરેલ હોય તેવા શિક્ષકોને કેટલીક શરતોને આધિન ઠરાવ થયાની તારીખથી એટલે કે તા. ૨૪-૧૦-૨૦૧૭થી તેઓની સેવાઓ વિનિયમિત કરેલ છે આથી આવા ઉમેદવારોની તા. ૨૪-૧૦-૧૭ના ઠરાવ બાદ બજાવેલ સેવાઓ ગ્રાન્ટેડ શાળાના અનુભવ તરીકે ધ્યાને લઈ શકાય. અગાઉ નોન ગ્રાન્ટેડ શાળાઓમાં બજાવેલ સેવાને અનુભવ તરીકે ધ્યાને લઈ શકાય નહી. તેઓએ આચાર્યની HMAT પરીક્ષામાં ફોર્મ ભરવા અંગે અગાઉ બજાવેલ નોન ગ્રાન્ટેડ શાળાના અનુભવને ધ્યાને લેવાની રજુઆત કરેલ છે. જે શિક્ષણ વિભાગના તા. ૨૪-૧૦-૧૭ના ઠરાવની જોગવાઈઓ અનુસાર ન હોવાથી આવા ઉમેદવારોની રજુઆત નકારવા જણાવવામાં આવે છે.

**એચ.એન. ચાવડા**
સંયુક્ત શિક્ષણ નિયામક
માધ્યમિક ગુ.રા.ગાંધીનગર

## શ્રદ્ધાંજલિ



બ.કાં.જિ.મા.શિ.સંઘના ઉપપ્રમુખ અર્જુનસિંહ બી. હડિયોલ (મ.શિ. સી.જે.કોઠારી હાઈસ્કૂલ, ચિત્રાસણી, તા.પાલનપુર)ના પિતાશ્રી ભીખાજી મોતીજી હડિયોલનું દુ:ખદ અવસાન તા. ૧-૫-૨૦૨૧ રોજ થયેલ છે.

મુકેશભાઈ ફલજીભાઈ ચૌધરી (મ.શિ. એમ.એ. પરીખ વિદ્યાલય કોદરામ. તા. વડગામ)ના માતૃશ્રી ચૌધરી રામીબેન ફલજીભાઈ તા. ૧૨-૬-૨૦૨૧ના રોજ દુ:ખદ અવસાન થયેલ છે.



એમ. બી. કરણાવત હાઈસ્કૂલના મ.શિ. જયેશભાઈ જી. લિંબાચીયાનું દુ:ખદ અવસાન તા. ૯-૭-૨૦૨૧ ના રોજ થયેલ છે.

આ તમામ સ્વજનોના સ્વર્ગવાસથી બ.કાં.મા.શિક્ષક સંઘ ઘેરા દુ:ખની લાગણી અનુભવે છે. અને તેમના આત્માને વૈકુઠમાં સ્થાન મળે તેમના કુટુંબ પર આવી પડેલ વ્રજઘાત સહન કરવાની શક્તિ આપે તેવી પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના.

– બ.કાં.જિ.મા.શિ. સંઘ

ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૧/૩૪૬૮-૩૫૦૩
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
સેક્ટર-૧૦/બી, જુના સચિવાલય પાસે,
ગાંધીનગર
તા. ૨૮-૬-૨૦૨૧

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ
ગુજરાત રાજ્ય

**વિષય** :માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨માં ધો. ૯ અને ધો. ૧૧માં પ્રવેશ કાર્યવાહી બાબત.

**સંદર્ભ** : (૧) અત્રેની કચેરીના પત્રક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૧૯/૨૨૦૦-૩૬ તા. ૧૯-૬-૨૦૧૯
(૨) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:મશબ/૧૨૨૦/૯૮૩/છ તા. ૩૩-૬-૨૦૨૧
(૩) અત્રેની કચેરીના પત્રક્રમાંક:મઉમશબ/શોનિ./૨૦૨૧/૨૩૦૭-૪૦ તા. ૨૨-૬-૨૦૨૧
(૪) અત્રેની કચેરીના પત્રક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૧/૩૪૩૨-૬૭ તા. ૨૫-૬-૨૦૨૧
(૫) ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળની તા. ૨૬-૬-૨૦૨૧ની રજુઆત
(૬) અત્રેની કચેરીના પત્રક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૦/૧૨૯૭ તા. ૨૬-૪-૨૦૨૦


શ્રીમાન,

ઉપરોક્ત વિષયના અનુસંધાને જણાવવાનું કે સંદર્ભ પત્ર-૪થી રાજ્યમાં આવેલી માધ્યમિક વિભાગના ધો.૯માં પ્રવેશ માટે બેઠકોની સંખ્યા ૭૫ કરવામાં આવેલ છે. અને તે મુજબ પ્રવેશ કાર્યવાહી કરવા જણાવેલ છે. સંદર્ભ પત્ર-૫થી ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળ દ્વારા ધો.૯ના વર્ગોમાં ૭૫ કે તેથી વધુ પ્રવેશ આપવામાં આવે તો અનુદાનિત માધ્યમિક શાળાના ધો.૯ના વર્ગો બંધ થઈ શકે જેથી ધો.૯ના પ્રવેશ અંગે સ્પષ્ટતા કરવા જણાવેલ.

સંદર્ભ પત્ર ૪ થી પ્રવેશ અંગે આપેલ સુચનાઓ ધ્યાને લેતા જો પ્રવેશની સમસ્યા ઉપસ્થિત થાય તેવા સંજોગોમાં જ ૭૫ કે તેથી વધુ સંખ્યા ભરવાની જોગવાઈ થયેલ છે. વધુમાં સંદર્ભ પત્ર-૪ થી ધો. ૧૧ના પ્રવેશ અંગે જરૂરી સુચનાઓ આપવામાં આવેલ છે. અને ધો.૯ માટે ઉક્ત પરિપત્રમાં સ્પષ્ટતા આ મુજબ ''શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ દરમિયાન ધો. ૯ના વિદ્યાર્થીઓને માસ પ્રમોશનથી પાસ જાહેર કરેલ હતા અને આ તમામ વિદ્યાર્થીઓ શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ દરમિયાન ધો. ૧૦માં પ્રવેશ કાર્યવાહી કરેલ હતી. તે જ પ્રમાણે શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨ દરમિયાન આયોજન પૂર્વક ધો. ૯ના વિદ્યાર્થીઓને ધો. ૧૦માં પ્રવેશ અંગેની કાર્યવાહી કરશો.'' કરેલ છે. જે ધ્યાને લઈ ધો. ૯ ધરાવતી શાળાઓની સંખ્યામાં અસર ન થાય તે રીતે પ્રવેશ કાર્યવાહી કરવાની રહેશે. જેથી અનુદાનિત શાળાઓ માટે બિનજરૂરી સ્પર્ધા ઉભી ન થાય તેની કાળજી લેશો.

આમ, હાલની કાર્યરત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં કાર્યરત વર્ગોમાં વિદ્યાર્થી સંખ્યાને અસર ન પહોંચે તે જોવા માટે શિક્ષણ નિરીક્ષક અને મદદનીશ શિક્ષણ નિરીક્ષકશ્રીઓને યોગ્ય સુચનાઓ આપશો.

**ડી.એસ. પટેલ**
સચિવ,
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર



## નમ્ર અપીલ સહ વિનંતી

ખંડ–૩ રજિ. ઉત્તર બુનિયાદી શાળાઓ સિવાયની રજિ. માધ્યમિક શાળાઓના શિક્ષકોના મત વિભાગના ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષક સંઘ મહા મંડળના સત્તાવાર અને માન્ય ઉમેદવાર

## પટેલ હસમુખભાઈ દેવજીભાઈ

વતન : 'પ્રભુકૃપા' મુ.પો. પાદરડી, તા. ખેડબ્રહ્મા, જિ સાબરકાંઠા
અભ્યાસ : એમ.એ., બી.એડ્. (અંગ્રેજી), એલ.એલ.બી.
શાળા : શ્રી જે. ડી. પટેલ હાઈસ્કૂલ, ખેડબ્રહ્મા ● મોબાઈલ : ૯૪૨૭૩ ૬૫૧૫૮

**મત વિસ્તાર : સમગ્ર ગુજરાતની ઉ.બુ. શાળાઓ સિવાયની મા. શાળાઓ**

ગુજરાત માધ્યમિક અને ઉ.માધ્યમિક શિક્ષક બોર્ડ, ગાંધીનગર ખ વિભાગની યોજનાર ચુંટણીના **(ખંડ–૩) રજિ. ઉત્તર બુનિયાદી શાળાઓ સિવાયની** રજિ. માધ્યમિક શાળાઓના શિક્ષકોના મત વિભાગના ગુજરાત રા.મા.શિ. સંઘ મહામંડળના સત્તાવાર અને માન્ય ઉમેદવાર...


સુજ્ઞ શિક્ષક ભાઈઓ–બહેનો અને વડીલો...

હું હસમુખભાઈ પટેલ છેલ્લા ૬ વર્ષથી સાબરકાંઠા જિલ્લા માધ્યમિક શિક્ષક સંઘમાં પ્રમુખ તેમજ ૨ વર્ષથી ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષક સંઘ મહા મંડળમાં મંત્રી તરીકે સેવા આપુ છું, આ ઉપરાંત ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળ દ્વારા આપવામાં આવેલ વિવિધ લડતો અને આંદોલનો જેવા કે મુંછ કૂંભ, ધરણા તેમજ મહામંડળ દ્વારા યોજવામાં આવેલ અધિવેશનોમાં સક્રીયપણે ભાગ લીધેલ છે અને મહામંડળની શાનમાં વધારો કરેલ છે.

બોર્ડની આગામી ચૂંટણીમાં ગુજ.રા.મા.શિ.સંઘ મહામંડળે ટીકીટ/મેન્ડેટ આપી (ખંડ–૩) રજિ. ઉત્તર બુનિયાદી શાળાઓ સિવાયની રજિ. માધ્યમિક શાળાઓના શિક્ષકોના મત વિભાગના સત્તાવાર અને માન્ય ઉમેદવાર તરીકે પટેલ હસમુખભાઈ દેવજીભાઈને જાહેર કરેલ મહામંડળ દ્વારા શાળાઓના અને શિક્ષકોના પ્રશ્નોને બોર્ડમાં વાચા આપવા અને સક્રિય રજૂઆત માટે આપનો કિંમતી અને પવિત્ર મત મહામંડળના સત્તાવાર અને માન્ય ઉમેદવારને આપી–અપાવી વિજય બનાવવા સૌ મતદાર મિત્રોને નમ્ર વિનંતી સહ અપીલ છે.

**સહકાર... સેવા... સંગઠન... સફળતા...**

આપનો આભારી
**હસમુખ પટેલ**



॥ સંઘે શક્તિ કલૌયુગે ॥
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ – ગાંધીનગર
સામાન્ય ચૂંટણી – ૨૦૨૧
ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળના સત્તાવાર અને માન્ય ઉમેદવાર

નામ : **રાવલ જસવંતકુમાર કાન્તીલાલ**
સરનામું : ૧૮, હરેકૃષ્ણ સોસાયટી, ગાયત્રી મંદિર પાસે, જૈન દેરાસરની બાજુમાં, મુ.પો.રાધનપુર, જિ. પાટણ, પીન – ૩૮૫૩૪૦ મો.: ૯૦૨૩૧ ૪૪૦૧૪, ૯૯૧૩૪ ૩૩૧૨૮

સુજ્ઞ સારસ્વત મિત્રો, આચાર્યશ્રી તથા શિક્ષક ભાઈઓ અને બહેનોને મારા સાદર પ્રણામ,

આપ સૌ જાણો છો કે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચ. માધ્યમિક શિક્ષક બોર્ડની સામાન્ય ચુંટણી જેમાં ૦૯ બેઠકોની ચૂંટણી થવાની છે. જે પૈકીની **ખંડ (૨)રજીસ્ટર થયેલી ઉત્તર બુનિયાદી શાળાઓના હેડ માસ્તરો અને શિક્ષકોના મત વિભાગ**માં મને આપણા ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળે સત્તાવાર અને માન્ય ઉમેદવાર તરીકે પસંદ કરેલ છે. ગુજરાતની ઉત્તર બુનિયાદી શાળાઓ, આચાર્યશ્રીઓ તથા શિક્ષકો ને લગતા પ્રશ્નોને બોર્ડમાં વાચા આપવા તેમજ સક્રિય રજૂઆત કરવા માટે આપનો પવિત્ર અને કિંમતી મત મને આપી–અપાવી વિજયી બનાવવા આપ સૌ મતદાર આચાર્યશ્રીઓ અને શિક્ષકશ્રીઓને મારી નમ્ર અને હાર્દિક અપીલ છે.

**સામાન્ય પરિચય :**

- નામ : **રાવલ જસવંતકુમાર કાન્તીલાલ**
- શાળાનું નામ : શ્રી સંસ્કારધામ ઉચ્ચ. ઉત્તર બુનિયાદી વિદ્યાલય, બંધવડ, તા. રાધનપુર, જિ. પાટણ – ૩૮૫૩૪૦
- હોદ્દો : મદદનીશ શિક્ષક (માધ્યમિક વિભાગ) ● કુલ અનુભવ : ૨૧ વર્ષનો શિક્ષક તરીકેનો અનુભવ
- શૈક્ષણિક લાયકાત : (૧) ધો. ૮ થી ૧૨ સુધી સંસ્કારધામ ઉચ્ચ. ઉત્તર બુનિયાદી વિદ્યાલય, બંધવડમાં અભ્યાસ કર્યો.
  (૨) બી.એ. (સ્નાતક) બી.એડ્. (શિક્ષણ વિશારદ)નો અભ્યાસ ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદ
- સંઘમાં કામગીરી : (૧) ૩ વર્ષ સુધી રાધનપુર – સાંતલપુર તાલુકા માધ્યમિક શિક્ષક સંઘમાં મંત્રી તરીકે સેવાઓ
  (૨) ૬ વર્ષ સુધી પાટણ જિલ્લા માધ્ય. શિક્ષક સંઘમાં કારોબારી સભ્ય તરીકે સેવાઓ.
  (૩) પાટણ જિલ્લા શિક્ષક સંઘમાં શિક્ષક કલ્યાણ નિધિ ના મહામંત્રી તરીકે સેવાઓ.
  (૪) જિલ્લા કક્ષાએ તપાસ સમિતિમાં શિક્ષક સામેની તપાસ સમિતિમાં શિક્ષકોને ન્યાય અપાવવામાં સફળ રહ્યો છું.

આપ સૌ મિત્રો ને મતદાન મથકે સમયસર પહોંચી મને મત આપી–અપાવવા મારી નમ્ર અપીલ છે.

અસ્તુ....

લિ. આપનો – **રાવલ જસવંતકુમાર કાન્તીલાલ**

પ્રકાશક : **શ્રી હરેશભાઈ જી. ડાભી** - સરદાર પટેલ હાઈસ્કૂલ, ડીસા, જિ. બનાસકાંઠા મો : ૯૪૨૬૪૪૪૫૬૮, ૮૧૬૦૮૨૮૫૮૨
તંત્રી અને મુદ્રક : શ્રી ગિરીશકુમાર એસ. રાવલ ૧૭, સૂર્યનગર, આઈ.ટી.આઈ.ની સામે, બનાસડેરી રોડ, પાલનપુર–૩૮૫૦૦૧ મો : ૯૪૨૭૦૪૩૬૧૬
મુખ્ય સંપાદક : શ્રી સુભાષભાઈ ડી. વ્યાસ - કમલ વિદ્યામંદિર ભૂતેડી, તા. પાલનપુર (મો : ૯૭૨૬૦૪૮૬૦૪)
મુદ્રણ સ્થળ : **વિશાલ ઓફસેટ**, દ્રોણ બિલ્ડીંગ, જિ.પં. સામે, પાલનપુર, ફોન : (ઓ) ૨૫૭૯૫૧
નોંધ : (૧) અત્રે છપાયેલ લેખોમાં લેખકના વિચારો સાથે તંત્રી સહમત જ છે એવું કયારેક શકય ન પણ હોય (૨) કાનુની વિવાદનું ક્ષેત્ર માત્ર પાલનપુર શહેર જ રહેશે.

સંપાદક મંડળ : (૧) શ્રી સુભાષભાઈ ડી. વ્યાસ, મુખ્ય સંપાદક કમલ વિદ્યામંદિર, ભૂતેડી (૨) શ્રી સુરેશભાઈ જે. રાવલ વિવિધલક્ષી વિદ્યામંદિર (૩) શ્રી રવિન્દ્રભાઈ પ્રજાપતિ વિનય મંદિર, ગોળા (૪)શ્રી અજિતભાઈ વાઘેલા સમતા હાઈસ્કુલ, પાલનપુર (૫) શ્રી કનુભાઈ મોદી કે. એસ. ઝાલા હાઈસ્કુલ, કુડા (૬) શ્રી વસંતભાઈ પરમાર આદર્શ હાઈસ્કૂલ, ઉંજનવાડા (૭) શ્રી નિલેશભાઈ બુંબડીયા આરાસુરી કન્યા વિદ્યાલય, અંબાજી